**આંક :**

**મોડાસાના મે.બીજા એડી.સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,ર્ડા. લક્ષ્મી નંદવાણા સાહેબશ્રીની કોર્ટમાં, મું.મોડાસા : જી.અરવલ્લી**

**ફેંસલ તારીખ : નવમી,માહે:એપ્રિલ, સને : ૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૨૧૯૩/૨૦૨૫**

(મોડાસા ટા.પો.સ્ટે. એફ.આઈ.આર. નંબર : ગુ.ર.નં.૦૬૨૧/૨૦૨૪)તા.૨૨/૧૦/૨૦૨૪

**ફરીયાદી** : શ્રી સ ર કા ર
(વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.વાય.દુર્વેશ)

વિ રૂ દ ધ

**આરોપી** **વિવેક શૈલેશભાઈ રાઠોડ**
**રહે.મકાન નં.૮૬, રામપાર્ક સોસાયટી,**
**માલપુર રોડ, મોડાસા,**
**તા.મોડાસા,જી.અરવલ્લી.**

**આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી એસ.આઈ.કુમતી**

## FORM-B

| | |
|---|---|
| Date of Offence | 21.10.2024 20:30 |
| Date of FIR | 22.10.2024 |
| Date of Charge Sheet | 18.07.2025 |
| Date of Framing of Charge | 11-08-2025 |
| Date of Commencement of Evidence | 04.09.2025 |
| Date of which Judgment is reserved | 13.03.2026 |
| Date of Judgment | 09-04-2026 |
| Date of the Sentencing order, if any | Nil. |

## Accused Details

| Rank of Accused | Name of Accused | Date of Arrest | Date of release on bail | Offence Charged with | Whether Acquitted or Convicted | Sentence imposed | Period of detention undergone during trial for purpose of Section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વિવેક શૈલેશ ભાઈ રાઠોડ | 05.11.2024 | 05.11.2024 | BNS K 281,125 [A],106 [1], & MVA K 177,184, 134[B] | Acquitted | - | |

**-: ઠ રા વ :-**

### (૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના આરોપીએ તા :૨૧-૧૦-૨૦૨૪ ના રોજ કલાક : ૨૦:૩૦ વાગ્યાના સમયે મોજે : સહયોગ ચાર રસ્તાથી સાઈમંદીર આગળ માલપુર રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની મોટરસાયકલ વાહન રજી. નંબર : જી.જે.૩૧ કયુ ૬૩૩૨ ની પૂરઝડપે અને ગફલતભરી રીતે અને બેદરકારીથી હંકારી લઈ લાવી આ કામના ફરીયાદીના પિતાજી

નથ્થુભાઈ વશરામભાઈ મોચી ,ઉઉવ.૬૫, રહ. મોચીવાસ,(રામદેવનગર) મોડાસા, તા.મોડાસા, જી. અરવલ્લી નાઓને ટકકર મારી અકસ્માત કરીને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી સારવાર દરમીયાન મોત નીપજાવી બી.એન.એસ.ક.૨૮૧,૧૨૫ (એ),૧૦૬(૧), તથા એમ.વી. એકટની કલમ: ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના ગુન્હાઓ કર્યા બાબતની ફરીયાદ ફરીયાદી:લાલજીભાઈ નથ્થુભાઈ મોચી નાઓએ મોડાસા ટા. પોલીસ સ્ટેશને આપતાં તે ગુ.ર.નં.૦૬૨૧/૨૦૨૪ થી તા.૨૨ –૧૦–૨૦૨૪ ના રોજ નોંધવામાં આવેલ છે.

(૨). ત્યારબાદ આ કામના તપાસ કરનાર અમલદારે તપાસના અંતે અત્રેની કોર્ટમાં આ કામના આરોપી વિરૂધ્ધ તારીખ: ૧૮–૦૭–૨૦૨૫ ના રોજ ચાર્જશીટ રજૂ કરેલ છે.ત્યારબાદ આ કામના આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટ ધ્વારા સમન્સ /નોટીસ કાઢવામાં આવેલ. જેથી આરોપી ના. કોર્ટ સમક્ષ હાજર થતાં આંક:૦૪ થી તા. ૧૧–૦૮–૨૦૨૫ ના રોજ આરોપી સામે તહોમતનામુ ફરમાવી, આરોપીનુ આંક:૦૫ થી પ્લી નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદ હકીકતો તેમજ સદર ગુનાનો ઈન્કાર કરતાં સદર કામ ફરીયાદ પક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૩).. ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

## મૌખિક પુરાવો

| નં. | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| PW-1 | લાલજીભાઈ નથ્થુભાઈ મોચી– ફરીયાદી | ૦૬ |
| PW-2 | નવનીતભાઈ વેલજીભાઈ ચમાર–પંચ સાહેદ | ૦૯ |
| PW-3 | વીરાજભાઈ લક્ષ્મણભાઈ મોચી– સાહેદ | ૧૧ |
| PW-4 | પ્રવિણભાઈ મંજીભાઈ મોચી– સાહેદ | ૧૯ |
| PW-5 | વનીતાબેન લાલજીભાઈ મોચી–સાહેદ | ૨૦ |
| PW-6 | ડૉ.મોહમદસીરાજ યુસુફભાઈ ગેણા–ડૉકટર સાહેદ | ૨૩ |
| PW-7 | અ.હે.કો. સતીશકુમાર દિપસિંહ –ત.ક.અ. | ૨૭ |

## દસ્તાવેજી પુરાવો

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૭ |
| ૨. | મરણોત્તર પંચનામુ | ૧૦ |
| ૩. | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૧૨ |
| ૪. | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૧૩ |
| ૫. | પોલીસ યાદી | ૨૪ |
| ૬. | પી. એમ. નોટસ | ૨૫ |
| ૭. | અસલ સૂચિપત્ર | ૨૮ |

| | | |
|---|---|---|
| ૮. | લાશ સોપ્યાની પાવતી | ૨૯ |
| ૯. | આર.ટી.ઓ.ન. કરેલ યાદી | ૩૦ |
| ૧૦ | યાંત્રિક નિરીક્ષણ રીપોર્ટ | ૩૧ |

(૪) ત્યારબાદ આ કામના ફરીયાદીએ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો કર્યાનુ જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાનુ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા પણ જાહેર કરવામાં આવેલ છે.ત્યારબાદ આ કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ:૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોધવામાં આવેલ છે જેમાં ફરીયાદ પક્ષનો તમામ પુરાવો તેમના રુબરુ, દેખતા ને સાંભળતા લેવામાં આવેલ હોવાનો સ્વીકાર કરી, બાકીના તમામ પ્રશ્નોનો ઈન્કાર કરી, વિષેશમાં ફરીયાદીએ તેમની સામે ખોટો કેસ કરેલ હોય તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી એમ.વાય. દુર્વેશની દલીલો સાંભળવામાં આવી. તેમજ આરોપીના વિ.વકીલશ્રી એમ.વાય. કુસ્તીની દલીલો સાંભળવામાં આવી.

**(૬).** ઉપરોકત હકીકતે મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-: મુ દ્દા ઓ :-</u>**

**(૧).** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા :૨૧–૧૦–૨૦૨૪ ના રોજ કલાક :૨૦:૩૦ વાગ્યાના સમયે મોજે : સહયોગ ચાર રસ્તાથી સાઈમંદીર આગળ માલપુર રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની મોટરસાયકલ વાહન રજી. નંબર : જી.જે.૩૧ કયુ ૬૩૩૨ ની પૂરઝડપે અને ગફલતભરી રીતે અને બેદરકારીથી હંકારી લઈ લાવી આ કામના ફરીયાદીના પિતાજી નથ્થુભાઈ વશરામભાઈ મોચી ,ઉ.વ.૬૫, રહ. મોચીવાસ,(રામદેવનગર) મોડાસા, તા.મોડાસા, જી. અરવલ્લી નાઓને ટકકર મારી અકસ્માત કરીને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી સારવાર દરમીયાન મોત નીપજાવી બી.એન.એસ.ક.૨૮૧,૧૨૫(એ),૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ:૧૭૭,૧૮૪,૧૩૪(બી)મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**(૨).** શું હુકમ ?

**(૭).** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નંબર : ૦૧ નકારમાં...

(૨) મુદ્દા નંબર : ૦૨ આખરી હુકમ મુજબ.

(૮). ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧,૨ :-**

(૯). આ કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુન્હામાં આરોપી વિરૂધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરિયાદ પક્ષ પર રહેલો છે.

(૧૦) સદર કામે ફરીયાદ પક્ષે સૌ પ્રથમ આંક :૦૬ થી ફરીયાદી: લાલજીભાઈ નથ્થુભાઈ મોચીને સોગંદ ઉપર મૌખિક પૂરાવામાં તપાસવામાં આવેલા છે.તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,ફરીયાદ વાળો બનાવ તા. ૨૧/૧૦/૨૦૨૪ ના રોજ સાડા આઠ વાગ્યાના અરસામાં ગાયત્રી મંદિર પાસે બનેલ. બનાવ વખતે તેઓ તેમના ઘરે જમવા બેસેલ હતા અને સોસાયટીના બધા છોકરાઓએ બુમો પાડેલી કે તમારા પિતાનુ એકસીડન્ટ થયેલ છે જેથી તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા અને જઈને જોયેલ તો તેમના પિતાજી નીચે પડેલ હતા.

અને ત્યાંથી સાર્વજનીક હોસ્પીટલમાં લઈ ગયેલ અને સારવાર દરમ્યાન ડોકટરે મરણ ગયેલ જાહેર કરેલા અને તેમને આજુબાજુ કોઈ માણસે જણાવેલ કે અજાણ્યા મોટરસાયકલના ચાલકે તમારા પિતાજીને પાછળથી ટકકર મારી દીધેલ. આ મોટરસાયકલનો નંબર તેમને યાદ નથી. આ મોટરસાયકલનો ચાલક આજરોજ કોર્ટમા હાજર છે તે જ વ્યકિત ચલાવતો હતો અને તેને તેમના પિતાજી સાથે અકસ્માત કરેલ.તેમના પિતાજી ડીવાઈડર જોડે ઉભા હતા તે વખતે આ મોટરસાયકલ ચાલકે તેઓને ફુલ સ્પીડે આવી ટકકર મારી દીધેલ તેથી આ અકસ્માત મોટરસાયકલ ચાલકની બેદરકારીથી બનેલ. બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલી.તેમને ફરીયાદની ખરી નકલ બતાવવામા આવે છે. તે જોઈને કહે છે કે તેમાં કરેલ સહી તેમની છે તે તેઓ ઓળખે બતાવે છે .ફરીયાદને બચાવ પક્ષની સંમંતીથી રજુ દાખલ આંક:૦૭ આપવામાં આવે છે. આરોપીને જોયેથી ઓળખે છે આજરોજ નામદાર કોર્ટમા હાજર છે તે જ હોવાનુ જણાવે છે.

બાદમાં સદર ફરીયાદીને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે. અને સરકાર તરફે પુછવામાં આવેલા તમામ પ્રશ્નોનો એકરાર કરેલ છે.

બાદમાં સદર ફરીયાદીની આરોપીના વિ.વકીલશ્રી એ ઉલટતપાસ લીધેલ છે જેમાં બનાવ બનેલ તયારે તેઓ તેમના ઘરે હતા તેમજ બનાવ તેમણે નજરે જોયેલ નથી તેથી બનાવ ચોકકસ કઈ

રીતે બનેલ તે તેઓ જણાવી શકે નહી તેમજ બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલ તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

આમ,આ કામના ફરીયાદીની સમગ્ર જુબાની ઘ્યાને વંચાણે લઈએ તો અને પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓ પોતાની સરતપાસમાં ફરીયાદ કે બનાવની હકીકતોને સમર્થન કરેલ હોવાનુ લેશમાત્ર પણ જણાઈ આવતુ નથી.ફરીયાદીની સમગ્ર સરતપાસની જુબાની જોતાં કહેવાતો બનાવ ખરેખર કયારે, કઈ તારીખે અને સમયે અને કયા સ્થળે બનેલો તે પોતાના પુરાવામાં કયાંય જણાવેલ નથી.તેમજ બનાવમાં સંડોવાયેલ વાહનનો ચાલક કોણ હતો અને તેનો નંબર શું હતો તે પોતાની સરતપાસમાં કયાંય જણાવેલ નથી. વધુમાં વાહન કેટલી સ્પીડમાં ચલાવતા હતા તે પણ પોતાના પુરાવામાં કયાંય જણાવતા નથી. વધુમાં પોતાની જ સરતપાસમાં આ મોટરસાયકલનો નંબર અને તે કોણ ચલાવતુ હતુ તે તેમને ખબર નથી કે પાછળથી પણ જાણવા મળેલ નહી તેમ જણાવે છે.વધુમાં સદર ફરીયાદીની આરોપી તરફેની ઉલટતપાસ જોતાં બનાવ બનેલ તયારે તેઓ તેમના ઘરે હતા તેમજ બનાવ તેમણે નજરે જોયેલ નથી તેથી બનાવ ચોકકસ કઈ રીતે બનેલ તે તેઓ જણાવી શકે નહી તેમજ બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલ તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.આમ,ફરીયાદીનો સમગ્ર પુરાવો ઘ્યાને વંચાણે લેતાં તેમજ જોતાં તેમજ સદર કેસનુ તમામ રેકર્ડ જોતાં આ કામના

આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈપણ પ્રકારનો ગુનો કર્યાનુ જણાઈ આવતુ નથી.આમ,આ ફરીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસ વં ચાણે લેતાં આંક:૦૭ થી રજુ કરેલ ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતાં નથી,જેથી હાલના આરોપીએ આંક:૦૭ ના ફરીયાદના કથન મુજબનો કોઈ ગુન્હો આચરેલ હોવાનુ શંકા રહીત પુરવાર થતુ નથી.આમ, ફરીયાદીનો પુરાવો માનવાલાયક જણાઈ આવતો નથી.

(૧૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક:૦૯ થી પંચ સા.નવનીતભાઈ વેલજીભાઈ ચમાર જુબાનીમાં જણાવે છે કે,ઓકટોમ્બર ૨૦૨૪ મા મોડાસા મોચી વાસમા રહેતા નથ્થુભાઈ વસરામભાઈ મોચીનાઓનુ અકસ્માત થયેલો અને તેમને અકસ્માત થવાથી મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં લઈ ગયેલ અને ત્યાં તેમની બે કલાક સારવાર ચાલેલી અને ત્યારબાદ મરણ ગયેલ તેમની લાશને સાર્વજનીક હોસ્પીટલમાં પી.એમ. કરવા સારુ તેમની લાશને લઈ ગયેલ તે લાશને તેમણે ઓળખેલ તો નથ્થુભાઈ વસરામભાઈ મોચી ઉ.વ. ૬૫, રહે. મોચીવાસ, મોડાસાનાઓની હતી. જેઓ મીડીયમ બાંધાના અને રંગે ગૌવવર્ણના હતા. તેમની આંખો જોતા ખુલ્લી હતી. તેમને શરીરે માથાના ભાગે ઈજાઓ થયેલી તેમજ પગમાં અને છાતીમાં પણ ઈજાઓ થયેલી. આ બાબતનુ પી.એમ. કરી તેનુ વીગતવારનુ પંચનામુ કરી પોલીસે તેમની સહી લીધેલી. જે શબ પંચનામુ આજ રોજ

તેમને બતાવવામા આવે છે જેમા પંચ નં. ૨ તરીકે કરેલ સહી તેમની છે જેને ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક:૧૦ આપવામા આવે છે.સદર પચ સાહેદની આરોપીના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે જેમાં પોલીસે તૈયાર પચનામાં માં સહી કરેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર પં ચ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં અગાઉ ફરીયાદીનો પુરાવો જોતાં ફરીયાદી ખુદ ફરી ગયેલા જાહેર થયેલા છે અને ફરીયાદની હકીકતોને લેશમાત્ર પણ મદદરૂપ કરતો પુરાવો રજૂ કરતા ન હોય હાલના સદર પંચ સાહેદ પણ પોતાની ઉલટતપાસમાં પોલીસે તૈયાર પંચનામામાં સહી કરેલી હોવાનો સ્વીકાર કરતા હોઈ સદર પંચ સાહેદનો પુરાવો પણ માનવાલાયક જણાઈ આવતો નથી.

(૧૨) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક:૧૧ થી પં ચ સા.વીરાજભાઈ લક્ષ્મણભાઈ મોચી જુબાનીમાં જણાવે છે કે, આજથી આશરે એક વર્ષ અગાઉ મોડાસા ટાઉન પોલીસ રામદેવપીર મંદીર માલપુર રોડ પર અકસ્માત થયેલ જે સંદર્ભે ત્યાં આવેલ અને પોલીસે તેઓને પુછેલ કે બનાવ શું બનેલો જેથી તેઓએ પોલીસને જણાવેલ કે રામદેવપીર મંદીરના બાજુમા બેસેલ હતા અને આ બનાવ બાબતે કાકા જે બહાર નીકળેલા અને એમ મોટરસાયકલ વાળાએ તેમને અકસ્માત કરેલ તેવુ

તેઓએ જણાવેલ અને આ બનાવવાળી જગ્યાએ ગાયત્રી મં દીરની સામે આવેલી. આ અકસ્માત માલપુરથી મોડાસા જતા ડાબી સાઈડ પર આવેલ કેબીન કે જે નથ્થુભાઈ વશરામભાઈ મોચીનુ હતુ અને તેની સામેથી બાજુ રસમલાઈની અને પાનની દુકાન આવેલ છે. આ બધી વિગત તેઓએ પોલીસને લખાવેલી.જે લખાવેલ કાગળ પંચનામુ તેમને બતાવામા આવે છે જોઈને કહે છે તેમાં પંચ નં.૧ તરીકે કરેલી સહી તેમની છે. જે તેઓ ઓળખી બતાવે છે.જેને રજુ દા.આંક–૧૨ આપવામા આવે છે.આ સાહેદ વધુમાં જણાવે છે કે,પોલીસે તેઓને કોઈ જગ્યાએ બોલાવી ઉપરોકત ગુનાવાળી જગ્યાના પંચનામામા અકસ્માત કરનાર મો.સા. કબજે કર્યા અંગેનુ કોઈ પંચનામુ મારી રૂબરૂમા કરેલ. તેમને આજરોજ મો.સા. નં.જી.જે. ૩૧ કયુ ૬૩૩૨ કબજે કર્યા અંગેનુ અસલ પંચનામુ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તેમા તેમની પંચ નં.૧ તરીકે કરેલી સહી તેમની છે. જે તેઓ ઓળખી બતાવે છે.જેને રજુ દાખલ આંક–૧૩ આપવામા આવે છે.બાદમાં સદર પંચ સાહેદને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.અને સરકાર તરફે પુછવામાં આવેલા તમામ પ્રશ્નોનો એકરાર કરેલ છે. બાદમાં સદર પંચ સાહેદની આરોપીના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે જેમાં અકસ્માતમાં મરણ જનાર તેમના કુંટુંબી કાકા થતા હોવાનો સ્વીકાર કરેલ છે. આમ, સદર પં ચ સાહેદની સમગ્ર જુબાનીનુ મૂલ્યાંકન કરવામાં આવે તો સદરપંચ સાહેદનો

સમગ્ર પુરાવો જોતાં પોલીસે તેઓને કોઈ જગ્યાએ બોલાવી ગુનાવાળી જગ્યાના પંચનામામા અકસ્માત કરનાર મોટરસાયકલ કબજે કર્યા અંગેનુ કોઈ પંચતનામુ તેમની રુબરુમાં કરેલ હોય કે તેમને કોઈ મોટરસાયકલ બતાવી મોટરસાયકલ તેમની રુબરુ કબજેક રેલ હોય તેવુ બનેલ નથી તેમ સ્પષ્ટપણે જણાવેલ છે. વધુમાં અગાઉ ફરીયાદીનો પુરાવો જોતાં ફરીયાદી ખુદ ફરી ગયેલા જાહેર થયેલા છે અને ફરીયાદની હકીકતોને લ ેશમાત્ર પણ મદદરૂપ કરતો પુરાવો રજૂ કરતા ન હોય હાલના સદર પં ચ સાહેદ પણ પોતાની ઉલટતપાસમાં અકસ્માતમાં મરણ જનાર તેમના કુંટું બી કાકા થતા હોવાનો સ્વીકાર કરતા હોઈ સદર પંચ સાહેદનો પુરાવો પણ માનવાલાયક જણાઈ આવતો નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક:૧૯ થી સા.પ્રવીણભાઈ મંજીભાઈ મોચી જુબાનીમાં જણાવે છે કે,સને ૨૦૨૪ ના વર્ષમા તેમના કુટુંબી ભાઈ નથ્થુભાઈ વસરામાભાઈ મોચીનાઓનુ અકસ્માત સહયોગ ચોકડીથી ગાયત્રી મંદીર સામે જવાના રોડ પર થયેલ. બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને તેમને વાતોવાતથી જાણવા મળેલુ જેથી તેઓ તથા બીજા માણસો બનાવવાળી જગ્યાએ ગયેલા તે વખતે નથ્થુભાઈને ૧૦૮ મા સાર્વજનીક હોસ્પિટલ લઈ ગયેલા જેથી તેઓ ત્યાં ગયેલ અને સારવાર દરમ્યાન નથ્થુભાઈ મરણ ગયેલ. બનાવ બાબતે ફરીયાદ થયેલી અને પોલીસે તેમની

પુછપરછ કરેલ હોવાનુ જણાવે છે. **તેમજ ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક:૨૦ થી સા. વનીતાબેન લાલજીભાઈ મોચી** જુબાનીમાં જણાવે છે કે,સને ૨૦૨૪ના વર્ષમા તેમના સસરા નથ્થુભાઈ વસરામાભાઈ મોચીનાઓનુ અકસ્માત સહયોગ ચોકડીથી ગાયત્રી મંદીર સામે જવાના રોડ પર થયેલુ. બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને તેમને વાતોવાતથી જાણવા મળેલુ જેથી તેઓ તથા બીજા માણસો બનાવવાળી જગ્યાએ ગયેલા તે વખતે નથ્થુભાઈને ૧૦૮ મા સાર્વજનીક હોસ્પિટલ લઈ ગયેલા જેથી તેઓ ત્યાં ગયેલ અને સારવાર દરમ્યાન નથ્થુભાઈ મરણ ગયેલ. બનાવ બાબતે ફરીયાદ થયેલી અને પોલીસે તેમની પુછપરછ કરેલ હોવાનુ જણાવે છે.

બાદમાં સદર બંને સાહેદોને ફરીયાદ પક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલા છે અને સરકાર તરફે પુછવામાં આવેલા તમામ પ્રશ્નોનો એકરાર કરેલછે.

બાદમાં સદર બને સાહેદોની આરોપીના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે. જેમાં બનાવ બન્યો તે વખતે તેઓ તેમના ઘરે હતા તેમજ બનાવની તેમને વાતોવાતથી જાણ થયેલી તેમજ બનાવ બાબતે પોલીસે તેમનુ નામ, ધંધો, અને સરનામુ પુછેલ તેમજ તેઓ બોલતા હોય અને પોલીસે તેમનુ નિવેદન ટાઈપ કરેલ હોય તેવુબ નેલ નથી તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

આમ, ઉપરોકત બંને સાહેદો લગભગ એકજ સરખી જુબાનીઓ આપતા હોય વારંવાર ચર્ચાનુ પુનરાવર્તન કરવાનુ ટાળવાના આશયથી સદર બંને સાહેદોની એકીસાથે ભેગી ચર્ચા કરવામાં આવેલ છે. સદર બંને સાહેદોનો પુરાવો જોતાં બનાવ ખરેખર કયારે, કઈ તારીખે, અને કયા સ્થળે બનેલો તે પોતપોતાના પુરાવામાં કયાંય જણાવતા નથી.વધુમાં સદર બનાવમાં સંડોવાયેલ વાહનનો નંબર તેમજ વાહનના ચાલક કોણ હતા તે પણ પોતપોતાના પુરાવામાં કયાંય જણાવતા નથી. વધુમાં વાહનચાલક કેટલી સ્પીડમાં પોતાનુ વાહન ચલાવતા હતા તે પણ પોતપોતાના પુરાવામાં કયાંય જણાવેલ નથી. વધુમાં સદર બંનેસાહેદોની આરોપી તરફેની ઉલટતપાસ જોતાં બનાવ બન્યો તે વખતે તેઓ તેમના ઘરે હતા તેમજ બનાવની તેમને વાતોવાતથી જાણ થયેલી તેમજ બનાવ બાબતે પોલીસે તેમનુ નામ, ધંધો, અને સરનામુ પુછેલ તેમજ તેઓ બોલતા હોય અને પોલીસે તેમનુ નિવેદન ટાઈપ કરેલ હોય તેવુબ નેલ નથી તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે. આમ, ઉપરોકત બંને સાહેદો ફરીયાદ પક્ષની હકીકતોને લેશમાત્ર પણ સમર્થનકર્તા ન હોય ઉપરોકત બને સાહેદોના પુરાવા પણ માનવાલાયક જણાઈ આવતા નથી.

(૧૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક:૨૩ થી ડૉકટર સા. ડૉ. મોહમદસીરાજ યુસુફભાઈ ગેણા જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૨૨/૧

૦/૨૦૨૪ ના રોજ ફરજ પર હતા તે દરમ્યાન પોલીસ અને મરણજનારના સગા નથ્થુભાઈ વશ્રામભાઈ મોચી, રહે. મોડાસા નાઓને પોસ્ટમોર્ટમ માટે સવારના ૯:૪૫ વાગ્યે ઈન્કવેસ્ટ પંચનામા મો.ટા.પો.સ્ટે. ના અ.હે.કો. સતીશસિંહ દિપસિંહ નાઓ સાથે લઈને આવેલ જે યાદી આજરોજ તેમને અસલ બતાવવામા આવે છે જેમા તેમની રીસીવ સહી છે. જેને તેઓ ઓળખે છે. જેને રજુ દા.આંક–૨૪ આપવામા આવે છે.આ સાહેદ વધુમાં જણાવે છે કે,મરણજનારનુ પોસ્ટમોર્ટમનુ ડો.રસીકલાલ શાહ સાર્વજનીક હોસ્પિટલ મોડાસા ખાતે સવારના ૯:૫૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી તા.૨૨/૧૦/૨૪ના રોજ કરવામા આવેલ. મરણ જનાર પુરૂષ, હિન્દુ,ઉમર અંદાજે ૬૫ વર્ષ તેમને સીલેટીયા રંગનુ પેન્ટ પહેરેલ હતુ , લાલ કથથાઈ રંગનુ લાઈનીંગવાળુ શર્ટ પહેરેલ હતુ. તેઓનુ શરીર ઠંડુ હતુ અને બાંધો સામાન્ય હતો.આખુ શરીર અકડાઈ ગયેલ હતુ. પોસ્ટમોર્ટમ લીવીડીટી શરીરના ડીફેન્ડેન્ટ પાર્ટ પર હતી. મોઢુ અર્ધખુલ્લુ અને આંખો અર્ધખુલ્લી હતી.આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેમની ઈજાઓ નીચે પ્રમાણે હતી.(૧) માથાના જમણા ભાગે ૨×૦.૫ ×૦.૫ સેમી કપાયેલ છુંડાયેલ હતો.(૨) જમણા હાથે સોજો હતો.(૩)જમણી જાંઘ પર બહારની સાઈડે ૨ × ૦.૫ ×૦.૫ સેમી કપાયેલી છુંડાયેલ હતો.(૪) જમણા પગે ૦.૫ ×૦.૫ ઘસરડો હતો.(૫)છાતીના જમણા ભાગના પાછળના ભાગે ૩ ×૦.૫ સેમી.નો ઘસરડો હતો.(૬)

બાહય તપાસથી જમણા હાથે રેડીયસ અને અલ્નાનુ ફ્રેકચર હોય તેવુ જણાઈ આવતુ હતુ.આંતરિક તપાસ કરતા માથાના જમણા પાછળના ભાગે ચામડીના નીચે લોહી ગંઠાઈ ગયેલ હતુ.માથાના પાછળના જમણા ભાગે મગજમા હેમરેજ હતુ.આ સાહેદ વધુમાં જણાવે છે કે,તેમના અભિપ્રાય પ્રમાણે નથ્થુભાઈ વશ્રામભાઈ મોચી, ઉમર અંદાજે ૬૫ વર્ષ રહે.મોડાસાનાઓઆના મોતનુ કારણ મગજમા હેમરેજ તથા મોટુ હાડકુ ભાગવાના કારણે હેમરેજીક શોકના કારણે થયેલ હશે.જે બાબતનુ તેઓએ પોસ્ટમોર્ટમ કરેલ હોય જે અસલ પી.એમ.રીપોર્ટ તેઓ રજુ કરે છે. જેમા સાર્વજનીક હોસ્પિટલનો સિકકો અને તેમની સહી છે. જેને તેઓ ઓળખી બતાવે છે.જેને રજુ દાખલ આંક-૨૫ આપવામા આવે છે. તેમના મત મુજબ કોઈ વ્યકિત રોડ ક્રોસ કરતુ હોય અને કોઈ મો.સા. ફુલ સ્પીડમા આવીને તેવી વ્યકિતને ટકકર મારે તો ઉપરોકત જણાવ્યા મુજબની ઈજાઓ થઈ શકે છે અને તેવી ઈજાથી વ્યકિત મૃત્યુ પણ પામી શકે તેમ જણાવે છે.

બાદમાં સદર ડાૅકટર સાહેદની આરોપીના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે જેમાં જે સમયે ઈજા પામનારને તેમની પાસે લાવેલ ત્યારે તેઓનુ સારવાર દરમીયાન મૃતયુ થયેલ હોવાનો સ્વીકાર કરેલ છે.

આમ, ઉપરોકત ડાૅકટર સાહેદના સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પોતાની સરતપાસમાં પોતાની ફરજના

ભાગરૂપે જુબાની આપેલ હોવાનુ જણાઈ આવે છે. પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે આ કામના ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકતોને લેશમાત્ર પણ મદદરૂપ થાય તેવો પુરાવો આપેલ ન હોય અને ખુદ ફરીયાદી હોસ્ટાઈલ જાહેર થયેલા હોય તેમજ તપાસેલા પચ સાહેદો તેમજ અન્ય નજીકના સાહેદો પણ ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થનકારી પુરાવા આપતા ન હોય હાલના ડૉકટર સાહેદનો પૂરાવો ગૌણ બની રહે છે.

(૧૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક:૨૭ થી અ.હે.કો.સતીષકુમાર દિપસિંહ જુબાનીમાં જણાવે છે કે,સને ૨૦૨૫ ની સાલમા તેઓ મોડાસા મો.ટા.પો.સ્ટે.મા અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૨/૧૦/૨૪ના રોજ ફરીયાદી લાલજીભાઈ નથુભાઈ મોચી તેમની પો.સ્ટે.આવી મો.સા. નં. જીજે ૩૧ કયુ ૬૩૨૨ પુરઝડપે ચલાવી ફરીયાદીના પિતાશ્રી નથુભાઈ વશ્રામભાઈ મોચીને ટકકર મારી શરીરને ઈજાઓ કરી તેમનુ સારવાર દરમ્યાન મોત નીપજેલ હોય તે બાબતની ફરીયાદ પી.એસ.ઓ.એ નોંધી ફર્સ્ટ ગુ.રજી. નં. ૬૨૧/૨૪ મુજબ ગુનો નોંધી બી.એન.એસ.ની કલમ-૨૮૧,૧૨૫(૧),૧૦૬(૨) તથા એમવી.એકટની કલમ-૧૩૪(બી),૧૭૭,૧૮૪ મુજબ રજી. કરી સુચીપત્ર દ્વારા અમોને તપાસ સોંપેલ.જે સુચીપત્રની ખરી નકલ આજરોજ તેમને બતાવવામા આવે છે. જેમાં પી.એસ.ઓ.ની સહી છે જેને તેઓ ઓળખે

છે. જેને રજુ દાખલ આંક– ૨૮ આપવામા આવે છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, આગળની તપાસમા ફરીયાદ મેળવી મરણજનાર નથ્થુભાઈનુ ઈન્કવેસ્ટ પંચનામુ તા.૨૨/૧૦/૨૪ના રોજ બે પંચો ના લખાવ્યા મુજબ કલાક ૯ થી ૯:૩૦ સુધીની સાર્વજનીક હોસ્પિટલ ખાતે લખી લીધેલુ જેને આ કામે આંક–૧૦ આપવામા આવેલ છે જે જોઈને કહે છે કે જેમા બે પંચોની અને રૂબરૂમા તેમની સહી છે જેને તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ આ કામે ચાર્જશીટમા જણાવ્યા મુજબ સાહેદ પ્રવીણભાઈ અને વનીતાબેનનુ નિવેદન તેમના લખાવ્યા મુજબનુ તપાસના કામે લખી લીધેલુ અને આગળની તપાસમા તેઓએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તા.૨૬/૧૦/૨૦૨૪ના રોજ બેપંચોના લખાવ્યા મુજબ કલાક ૧૪:૦૦ થી ૧૪:૩૦ સુધીનુ પંચનામાની વિગતે જણાવેલ મોડાસા માલપુર રોડ પર આવેલ રામદેવપીર મંદીરની આગળ પાકકા ડામરના રોડ આગળ પંચનામાની વિગતે જણાવે છે તે મુજબ લખી લીધેલુ જેને આ કામે આંક– ૧૨ આપવામા આવેલ છે જે જોઈને કહે છે કે જેમા બે પંચોની અને રૂબરૂમા તેમની સહી છે જેને તેઓ ઓળખી બતાવે છે.આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ મો.સા. વાહનનુ પંચનામુ બે પંચોના લખાવ્યા મુજબ કલાક ૧૦:૦૦ થી ૧૦:૩૦ સુધીનુ પંચનામાની વિગતે જણાવેલ મુજબ મો.સા. નં. જીજે ૩૧ કયુ ૬૩૩૨ નુ વિગતવારનુ પંચનામુ પંચનામાની વિગતે જણાવે છે તે મુજબ લખી લીધેલુ જેને આ કામે આંક–૧૩ આપવામા

આવેલ છે જે જોઈને કહે છે કે કે જેમા બે પંચોની અને રૂબરૂમા તેમની સહી છે જેને તેઓ ઓળખી બતાવે છે ત્યારબાદ આ કામે મરણજનારનુ પી.એમ.કરાવી પી.એમ. નોટ તપાસના કામે મેળવેલ. જે આ કામે આંક–૨૫ થી રજુ થયેલ છે જે તે જ છે. ત્યારબાદ મરણજનારના સગાને લાશ સોંપેલ જે બાબતને પાવતી આજરોજ તેમને બતાવવામા આવે છે જેમા તેમની સહી છે જેને ઓળખે છે જેને રજુ દા.**આંક–૨૯** આપવામા આવે છે.આ સાહેદ વધુમાં જણાવે છે કે, વધુમા આ કામે અકસ્માતમા સંડોવાયેલ મો.સા.ની યાંત્રીક તપાસણી સારુ મો.આર.ટી.ઓ.ને યાદી કરેલ જે આજરોજ તેમને બતાવવામા આવે છે જેમા તેમની સહી છે જેને ઓળખે છે જેને રજુ દા.**આંક–.૩૦** આપવામા આવે છે અને આ યાદીના આધારે આર.ટી.ઓ. ઓફીસ મોડાસાથી યાંત્રીક નીરીક્ષણ રીપોર્ટ મેળવેલ. જે આજરોજ તેઓ તેમની પોલીસ પેપર્સમાથી રજુ કરતો હોઉ જે કોમ્પ્યુટર પ્રિન્ટ હોય બચાવપક્ષના વાંધા સાથે આંક–.૩૧ આપવામા આવે છે. ત્યારબાદ મો.સા.આરોપીની અટક કરી તેના ચહેરાનિશાનપત્રક ભરી જામીન પર મુકત કરેલ અને તેની વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ.આરોપીને જોયેથી તેઓ ઓળખે છે. જે આજરોજ નામ.કોર્ટમા હાજર નથી.આરોપીની ગેરહાજરીનો રીપોર્ટ રજુ કરી ઓળખાણ અંગેની તકરાર જતી કરેલ છે.

બાદમાં સદર ત.ક.અ. પોલીસ સાહેદની આરોપીના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે. જેમાં તમામ પ્રશ્નોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

આમ, ઉપરોકત ત.ક.અ.સાહેદના સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પોતાની સરતપાસમાં પોતાની ફરજના ભાગરૂપે જુબાની આપેલ હોવાનુ જણાઈ આવે છે. પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે આ કામના ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકતોને લેશમાત્ર પણ મદદરૂપ થાય તેવો પુરાવો આપેલ ન હોય અને ખુદ ફરીયાદી હોસ્ટાઈલ જાહેર થયેલા હોય તેમજ તપાસેલા પંચ સાહેદો તેમજ અન્ય નજીકના સાહેદો પણ ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થનકારી પુરાવા આપતા ન હોય હાલના ત.ક.અ. સાહેદનો પૂરાવો પણ ગૌણ બની રહે છે.

**(૧૬)** વધુમાં આ કામના આરોપી પક્ષે આંકે પાડી પુરાવામાં વંચાણમાં લેવા સારુ ફરીયાદ પક્ષે આંક:૨૪ થી પોલીસ યાદી તેમજ આંક:૨૫ થી મરણ જનાર નથ્થુભાઈની પી.એમ. નોટસ તેમજ આંક:૨૮ થી અસલ સૂચિપત્ર તેમજ આંક:૨૯ થી લાશ સોપ્યાની પાવતી તેમજ આંક :૩૦ થી આર.ટી.ઓ.ને કરેલ યાદી તેમજ આંક:૩૧ થી આર.ટી.ઓ. ઓફીસેથી આપેલ યાંત્રીક નીરીક્ષણ રીપોર્ટ દસ્તાવેજી પુરાવામાં રજૂ કરેલ છે. પરંતુ સદર કામે ઉપરોકત ફરીયાદી,સાહેદો તથા પંચો મૌખીક પુરાવામાં

ફરી ગયેલા જાહેર થયેલા છે અને તે તમામ સાહેદો ફરીયાદ પક્ષની હકીકતોને લેશમાત્ર પણ સમર્થનકારી પુરાવા આપતા ન હોય સદર રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા પણ માનવાલાયક જણાઈ આવતા નથી.

**(૧૭)** વધુમાં સદર કામે ફરીયાદ પક્ષે પુરાવો પુરો કર્યાનુ જાહેર કરેલ છે. આમ,બંને પક્ષોની દલીલો તથા રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતાં હાલના આરોપીએ પોતાના કબજાનુ વાહનને પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીથી હંકારી લઈ લાવી પોતાની તથા રાહદારીઓની તથા વાહનચાલકોની જીદગી જોખમાય તે રીતે હંકારી લાવી તેમજ સાહેદ નથ્થુભાઈ વશરામભાઈ મોચીનુ અકસ્માતમાં મોત નીપજાવી બી.એન.એસ. ક. ૨૮૧,૧૨૫(એ),૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ: ૧૭૭ ,૧ ૮૪,૧૩૪(બી) હેઠળ શીક્ષાને પાત્ર ગંભીર ગુન્હો કરેલ હોવાના કોઈ જ તત્વો પડેલ પુરાવા ઉપરથી ફલિત થતા નથી.

**(૧૮)..** આ કામના આરોપી ઉપર ફોજદારી ગુનાનુ તહોમત હોય, ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ મુજબ ફોજદારી કામમાં ફરીયાદપક્ષની એ મૂળભૂત ફરજ બની રહે છે કે આરોપી સામેનો કેસ સબળ, સચોટ, વિશ્વસનીય અને આધારભૂત પુરાવાથી કેસ પુરવાર કરે. સદરહું કેસમાં ફરીયાદ પક્ષ

આવો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલ હોય તેવા સંજોગોમાં સદર કેસમાં પડેલ પુરાવાના આધારે હાલના કેસની હકીકતો જોતાં અને આ અંગે સેટલ લો ને ધ્યાન સમક્ષ રાખી આરોપીને સજા કરી શકાય નહી તેવુ મારુ વિનમ્રપણે માનવુ છે.

(૧૯).. પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ જો વધુ સાક્ષીઓ તપાસવાથી કેસના અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોય તો તેવા સાક્ષીઓને તપાસી અને કોર્ટનો મુલ્યવાન સમય બગાડવો જોઈએ નહિં .તેને અનુસરી અને આ કેસમાં વધુ સાહેદોને તપાસવાથી પણ કેસના અં તિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોવાથી વધુ સાહેદોને ન તપાસી અને જુબાનીનુ પુનરાવર્તન ટાળી, કોર્ટનો મુલ્યવાન સમય બચાવેલ છે.આમ, ફરીયાદી તથા સાહેદો ફરિયાદ પક્ષના કેસની હકીકતોને કોઈ સાહેદ સમર્થન આપતા નથી ત્યારે અન્ય સાહેદોની જુબાનીથી કેસના અંતિમ પરિણામ પર અસર થાય તેવી શકયતા રહેતી નથી. તેમજ આ કેસમાં સ્વતંત્ર સાહેદોનુ સમર્થન પ્રાપ્ત થયેલ નથી. તેથી માત્ર ચાર્જશીટના આધારે જ આરોપીને સજા કરી શકાય નહી. કેમ કે આરોપી વિરૂધ્ધ સાબિત માની શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ નથી.

(૨૦).. આમ,ઉપરોકત સમગ્ર ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને વં ચાણે લઈએ તો અને એકબીજા પુરાવાઓ સાથે મૂલ્યાંકન કરીએ તો આ કામના આરોપીએ તા :૨૧–૧૦–૨૦૨૪ ના રોજ કલાક :૨૦:૩૦ વાગ્યાના સમયે મોજે : સહયોગ ચાર રસ્તાથી સાઈમંદીર આગળ માલપુર રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની મોટરસાયકલ વાહન રજી. નંબર : જી.જે.૩૧ કયુ ૬૩૩૨ ની પૂરઝડપે અને ગફલતભરી રીતે અને બેદરકારીથી હંકારી લઈ લાવી આ કામના ફરીયાદીના પિતાજી નથ્થુભાઈ વશરામભાઈ મોચી ,ઉઉવ.૬૫, રહ. મોચીવાસ,(રામદેવનગર) મોડાસા, તા.મોડાસા, જી. અરવલ્લી નાઓને ટકકર મારી અકસ્માત કરીને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી સારવાર દરમીયાન મોત નીપજાવી બી.એન.એસ.ક.૨૮૧,૧૨૫(એ),૧૦૬(૧) તથા એમ.વી. એકટની કલમ: ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના ગુન્હાઓ કરેલ હોવાની હકીકતો ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.આમ,ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ ઠરાવી મુદ્દા નંબર:૦૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર:૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## (૨૧) **<u>-::આખરી હુકમ::-</u>**

:૧: આ કામના આરોપી :વિવેક શૈલેષભાઈ રાઠોડનાઓને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ: ૨૭૧ હેઠળ તેમની સામેના બી.એન.એસ. ક. ૨૮૧,૧૨૫(એ),૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ: ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હૂકમ કરવામાં આવે છે.

:૨: આ કામે બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ: ૪૮૧ ની જોગવાઈઓ અનુસાર આરોપીએ રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દશ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ છ માસ માટે આપવા.

હુકમ આજરોજ તારીખ :નવમી, માહે:એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:મોડાસા.
તારીખ: ૦૯-૦૪-૨૦૨૬

**(ડૉ.લક્ષ્મી નંદવાણા)**
બીજા એડી.સિનિયર સિવિલ જજ અને
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
મોડાસા
. જજ કોડ નં. જી.જે. ૦૧૩૯૨

<<<< J.R.RATHOD. P.A .>>>>